

શહેરના સર્કલો યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં

ગાંધીનગર સમાચાર

## @ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુ રૂદ્રાભિષેક જયંતભાઈ ભટ્ટના નિવાસસ્થાન પ્લોટ નં. ૬૫૪, સે. ૨૧ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

● સે. ૨૨ જૈન દેરાસર ખાતે પર્યુષણ પર્વ નિમિત્તે સવારે ૯ કલાકે અષ્ટાન્હિકા પ્રવચન યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા રૂદ્રપૂજા ભુલાભાઈ કડીયાના નિવાસસ્થાન ૬૪, સોમનાથ પાર્ક સોસાયટી, સરગાસણ ખાતે સવારે ૭.૩૦ કલાકે યોજાશે.

● બ્રહ્મ બંધુ મિત્ર મંડળ દ્વારા શિવ મહિમ્નના પાઠ અનંતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન બી-૬, એસ.બી.આઈ. ક્વાર્ટસ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા જુનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતી વંદના હસમુખભાઈ જોષીના નિવાસસ્થાન તેજસ સોસાયટી, સે. ૨૩ ખાતે રાત્રે ૯ કલાકે યોજાશે.

● આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર દ્વારા સામુહિક રૂદ્ર પૂજા બલરામ ભવન, કલેક્ટર ઓફિસ સામે, સેક્ટર-૧૨ ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા શિવ રૂદ્રભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ કલ્પેશભાઈ શાસ્ત્રીના નિવાસસ્થાન ૧૦૫૨, સેક્ટર-૨-ડી ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# ન્યુ ગાંધીનગરમાં ધોળે દિવસે ૪.૩૧ લાખની લૂંટ



### લુંટારૂ સુધી પહોંચવા પોલીસ શહેર કોટડા પહોંચી...!

દિન દહાડે બાઈક પર આવીને છરાની અણીએ લુંટ ચલાવીને ભાગી ગયેલા બે લુંટારૂઓ એક બાઈક મુકીને ગયા છે. આ ડીસ્કવર બાઈક પોલીસ માટે લુંટારૂઓ સુધી પહોંચવાની મહત્વની કડી છે. જો કે લુંટારૂઓ રીઢા હશે તો કદાચ બાઈક ચોરીનું પણ હોવાની શકયતા છે. ડીસ્કવર બાઈકના નંબરને આધારે તપાસ કરીને લુંટારૂઓ સુધી પહોંચવા ઈન્ફોસીટી પોલીસની એક ટીમ અમદાવાદ શહેર કોટડા વિસ્તારમાં પહોંચી ગઈ છે. બાઈક માલીકના સરનામે પહોંચી લુંટારૂને પકડવા ઈન્ફોસીટી પોલીસે કમર કસી છે.



**સ્વામિનારાયણ ધામથી ધોળેશ્વર મહાદેવ મંદિર જતા માર્ગ પર બાઈક લઈને આવેલા બે લુંટારૂઓએ છરો બતાવીને રાઈટર સેફ ગાર્ડના કેશ પીકઅપ બોયને લુંટી લીધો : લુંટારૂઓ પોતાનું ડીસ્કરવર બાઈક મુકીને અપાચે બાઈક લઈ ગયા...!**

ગાંધીનગર, તા.૧૧

ન્યુ ગાંધીનગરમાં કુડાસણ સ્થિત સ્વામિનારાયણ ધામથી ધળેશ્વર મહાદેવ માર્ગ વચ્ચે આજે ધોળે દિવસે બાઈક પર આવેલા બે લૂંટારૂઓ છરાની અણીઓ રાઈટર સેફ ગાર્ડ પ્રા.લી.નાં કેશ પીક અપ બોયને લુંટી ગયા હોવાનો ચકચારી કિસ્સો બનવા પામ્યો હતો. રૂ. ૩.૭૧ લાખ રોકડા તથા કેશ એન્ટ્રી માટેનું મશીન જેમાં મુકયુ હતું તે બેગ અને કર્મચારીનું બાઈક મળી રૂ. ૪.૩૧ લાખની મત્તાની લુંટ ચલાવી બંને લુંટારૂ પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા ઈન્ફોસીટી પોલીસે લુંટનો ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

રાઈટર સેફ ગાર્ડ પ્રા.લી. સિક્યુરીટી પ્રોવાઈડ કરતી કંપનીનો કેશ પીક અપ બોય રાજેશ રાધેશ્યામ બઘેલ અલગ અલગ સ્થળેથી કેશ પીક અપ કરીને અપાચે બાઈક નં. જીજે ૧ એસ.કયુ. ૨૭૩૨ લઈને ન્યુ ગાંધીનગરના સ્વામિનારાયણ ધામથી ધોળેશ્વર મહાદેવ મંદિર રોડ તરફ નીકળી રહ્યો હતો. બપોરે ૧૨.૧૦ વાગ્યાના અરસામાં ડીસ્કવર બાઈક નં. જીજે-૧ એમ.જે. ૮૧૯૪ લઈને બે અજાણ્યા શખ્સો કેશ પીકઅપ બોય રાજેશની પાસે આવીને ઉભા રહી ગયા અને છરો બતાવીને તેની પાસે રહેલી બેગ લઈ લીધી હતી. બેગમાં રૂ. ૩,૭૧,૦૦૦ રોકડા તથા કેશ કલેકટ કર્યા બાદ ઓનલાઈન કલેકશનની એન્ટ્રી કરવા માટેનું રૂ. ૧૦ હજારની કિંમતનું એચ.એસ.ટી. મશીન પણ હતું. બેગ લુંટી લીધા બાદ બંને લુંટારૂઓએ પોતાનું ડીસ્કવર બાઈક ત્યાં જ મુકી દીધું અને રાજેશનું અપાચે બાઈક લઈને તેમાં ભાગી ગયા હતાં. કેશ પીક અપ બોય રાજેશે પોલીસને ઘટનાની જાણ કરતાં તાત્કાલિક નાકાબંધી કરીને તપાસ શરૂ કરી દીધી હતી પરંતુ લૂંટારૂઓ ત્યાં સુધીમાં ફરાર થઈ ચુક્યા હતાં. ઈન્ફોસીટી પોલીસે રાજેશની ફરીયાદને આધારે બે અજાણ્યા શખ્સો સામે લુંટનો ગુનો દાખલ કરીને લુંટારૂઓ જે ડીસ્કવર બાઈક મુકી ગયા તે કબ્જે લઈ પીએસઆઈ એમ.એચ. સોલંકીએ તપાસ શરુ કરી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં કયાં કયાં સીસીટીવી કેમેરા લાગેલા છે તેની પણ તપાસ કરી પરંતુ લુંટારૂઓ સુધી પહોંચવાની કોઈ સચોટ કડી મળી આવી નથી.

# તેજાનંદ ધામે સવા લાખ બિલીપત્રોનો અભિષેક

ગાંધીનગર, તા.૧૧

તેજાનંદધામ પરિવાર આરસોડીયા દ્વારા તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ શ્રાવણ માસના અંતિમ દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. પવિત્ર શ્રાવણ માસના દિવસો દરમિયાન સવા લાખ બીલી પત્રનો અભિષેક કરવાનો સંકલ્પ તેજાનંદ ધામ પરીવારે લીધો હતો. જયારે તા. ૧૩ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૭.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન બીલી પત્રનો અભિષેક તથા બિલ્વાષ્ટકનો પાઠ તેમજ બરફના શિવલીંગના દર્શનનો લાભ અને રૂદ્ર યજ્ઞ યોજાશે. તેમાં સર્વે ભકતોને લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરમાં દેશભરની ગ્રંથ અકાદમીઓ-નિર્માણ બોર્ડઝના નિયામકોની વાર્ષિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના નવા સચિવાલય ખાતે તા. ૧૪મી અને તા. ૧૫મી સપ્ટેમ્બરે યોજાનાર દેશના ટોચના શિક્ષણવિદોની બે દિવસીય વિમર્શ બેઠકનું ઉદ્ઘાટન રાજ્ય શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા કરશે. ઉદ્ઘાટન સમારંભ સવારે ૧૦ કલાકે સ્વર્ણિમ સંકુલ-૧ના તાપી સભાખંડ ખાતે યોજાશે.

વિમર્સ બેઠકના ઉદ્ઘાટન સમારંભમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડના ત્રણ નવા પ્રકાશનોનું વિમોચન કરશે જેમાં ડૉ. જે.જે. રાવલ લિખિત ''બ્રહ્માંડ દર્શન'', વિષ્ણુ પંડ્યા લિખિત ''એકાત્મ માનવ'' અને દોલતભાઈ નાયક લિખિત ''ભારતનો ફોજદારી કાયદો''નો સમાવેશ થાય છે. આ સમારંભમાં રાજ્યકક્ષાના શિક્ષણ પ્રધાન વસુબેન ત્રિવેદી પણ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેશે. વિમર્શ બેઠકનું આયોજન યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ અને કમિશન ફોર સાયન્ટિફિક એન્ડ ટેકનિકલ ટર્મ્સ દ્વારા સંયુક્ત પણે કરવામાં આવ્યું છે. યુનિવર્સીટી કક્ષાના પાઠ્યપુસ્તકોનું નિર્માણ કરતી દેશની વિવિધ રાજ્યોની ગ્રંથ અકાદમીઓ તથા બોર્ડઝના નિયામકોની આ સંયુક્ત વાર્ષિક બેઠકની અન્ય બેઠકો અમદાવાદ ખાતે યોજાશે. જેમાં સીએસટીટીના અધ્યક્ષ પ્રા. કેશરીલાલ શર્મા અને વિવિધ ગ્રંથ અકાદમીઓના વડાઓ ઉચ્ચ શિક્ષણને લગતી પ્રકાશન પ્રવૃત્તિ તેમજ તેને માટેની કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ઉપરાંત ગત વર્ષની પ્રવૃત્તિઓ વગેરે અંગે સમીક્ષા કરાશે. તેમજ ભાવિ યોજનાઓ અંગે વિમર્શ કરાશે.

# મોબાઈલ વેચવા નિકળ્યા ને ઘરફોડીયાઓ પકડાઈ ગયા...!

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના ઘ-૫ થી આઈટીઆઈ તરફ જતા રોડ પર બે શખ્સો ખાણીપીણીની લારીઓ પાસે સેકન્ડ હેન્ડ મોબાઈલ વેચવા ફરતા હોવાની માહિતીને આધારે ગાંધીનગર એલસીબીએ બંનેને પકડીને ક્રોસ ઈન્ટ્રોગેશન કરતાં બહાર આવ્યું કે તે બંને રીઢા ઘરફોડીયા છે. સઘન પુછપરછમાં તે બંનેએ સનસની કબુલાત કરી છે કે તેમના અન્ય બે સાગરીતો સાથે મળીને ચારેયે અલગ અલગ વિસ્તારમાં ચાર મહિનામાં ૩૫ જેટલી ચોરીઓ કરી છે. એલસીબીની ટીમે બંનેની ધરપકડ કરી ચોરીના ત્રણ મોબાઈલ, ચાંદીનો સિકકો તથા મોતીની માળા કબ્જે લઈ ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.



**ચાર મહિનામાં કરીયાણા તથા કપડાની દુકાનો, પાન-બીડી અને ચાનાં કેબીન મળી અલગ અલગ ૩૫ સ્થળોએ ચોરીઓ કરી હોવાની એલ.સી.બી. સમક્ષ સનસની કબુલાત**

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ ઘરફોડીયાઓ પકડવા સક્રીય થઈ છે. આજે સવારે એલસીબી પીએસઆઈ કૃણાલ પટેલ તથા હે.કો. રાજેન્દ્રસિંહ, સુરેશકુમાર, દિલીપસિંહ, પો.કો. વિષ્ણુસિંહ, મહિપાલસિંહ તથા ભૌમિકકુમાર ગાંધીનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી કે ઘ-૫ થી આઈટીઆઈ રોડ પર ખાણી પીણીની લારીઓ નજીક બે શખ્સો મોબાઈલ ફોન વેચવા આંટા મારી રહ્યા છે. સ્થળ પર પહોંચીને કલોલના દીલીપ દશરથ દંતાણી તથા વિનોદ બાબુ રાવળને પકડી મોબાઈલ અંગે પુછતાછ કરતા અલગ અલગ જગ્યાએથી ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ બંને શખ્સોએ અન્ય બે સાગરીત બોરીજના રાજુ કાળા ઠાકોર અને ધર્મેશ ઉર્ફે ધમો નગીન દંતાણી (જે હાલ સેન્ટ્રલ જેલમાં છે) ચારેયે મળીને શહેરના વિવિધ સેકટરો, કલોલ, અડાલજ અને ચાંદખેડા વિસ્તારમાં છેલ્લા ચાર માસમાં મોબાઈલ, કરીયાણા તથા કપડાની દુકાનો, પાન-બિડી તથા ચા નાં કેબીનો મળી ૩૫ જેટલી ચોરીઓ કરી હોવાની ચોંકાવનારી કબુલાત કરી છે. તેમની પાસેથી ત્રણ મોબાઈલ, ચાંદીનો સિક્કો, મોતીની માળા કબ્જે લઈ ઊંડી તપાસ શરુ કરી છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના એસટી બસ ડેપોની પુછપરછ કચેરીમાં વર્ષોથી એક ઘડિયાળ ટીંગાડેલી હતી. આ ઘડિયાળ મુજબ બસો ચાલતી હતી કે નહીં તે તો રામ જાણે પરંતુ હવે છેલ્લાં કેટલાય દિવસથી એ ઘડિયાળ જ દેખાતી નથી.

● નગરની કેટલીક પ્રાથમિક શાળાઓ નજીક રોડ પર સ્પીડબ્રેકર્સ નથી અને જયાં છે તેના પર સફેદ પટ્ટા નથી. સ્પીડબ્રેકર્સ નથી ત્યાં બાળકોને જોખમ છે અને સ્પીડબ્રેકર્સ છે ત્યાં વાહનચાલકોને જોખમ છે.

● સે-૩માં સાંઈબાબાના મંદિરે માત્ર ખિચડીનો પ્રસાદ ધરાવવામાં આવતો હતો હવે તેમાં ચણા, સીંગ સાકરિયા વગેરેનો વિવિધ પ્રસાદ ધરાવાય છે. અહીંનો પ્રસાદ ભાવિકોમાં ખુબ ફેવરીટ છે.

● ઘ-૪ સર્કલથી ઘ-૪ાા સુધીનો માર્ગ આજે ઝાડ પાડવા માટે બે ત્રણ કલાક માટે બંધ કરાયો હતો. બીજી તરફના માર્ગનો વિકલ્પ તરીકે ઉપયોગ કરાતા વાહનચાલકોને થોડીક અસુવિધાનો અહેસાસ થયો હતો.

● ગાંધીનગરના વકીલો અશ્વિન ત્રિવેદી, દેવેન્દ્ર સુખડીયા, જતીન ખખ્ખર, પ્રદીપસિંહ વાઘેલા, શંકરસિંહ ગોહિલ અને હિતેષ રાવલ વગેરે નાસિક ખાતેના સિંહસ્થ કુંભમેળાના દર્શન માટે આજે રવાના થયા હતાં.

● સંગીત નાટક અકાદમી દ્વારા પુરસ્કૃત અને ગાંધીનગરના આશાબા સરવૈયા સહિતના કલાકારો દ્વારા અભિનિત દ્વિ અંકી નાટક 'પાગલ મારો સાંવરિયો' સોમવારે ભાવનગર ખાતે રજૂ થનાર છે.

- સમીર રામી
9924446645

# મૃતક સ્વજનોને શ્રધ્ધાંજલિ આપવા આજે ભકિત સંગીત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં વસતા પરિવારમાંથી કોઈ પણ સભ્ય છેલ્લા એક વર્ષ દરમિયાન અવસાન પામ્યું હોય તો તમને શ્રધ્ધાંજલિ આપવા તથા તેમના પરિવારને સાંત્વના હુંફ મળે તેવા આશયથી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા જુનિયર સીટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરના ઉપક્રમે ભકિત સંગીત કાર્યક્રમનું આયોજન આવતીકાલે તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૯ વાગે ટાઉનહોલ, સે-૧૭ ખાતે કરવામાં આવ્યું છે.

શહેરના કોઈ પણ પરિવારમાંથી સ્વર્ગસ્થ થયેલા સ્વજનોના મોક્ષાર્થે યોજાનાર આ કાર્યક્રમમાં ભકિત સંગીતની સાથે સાથે સદગતના આત્માને શાંતિ મળે તથા પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરવા માટે ઉપસ્થિત રહેવા સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ તથા જુનિયર સીટીઝન્સ કાઉન્સીલ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પ્રતિષ્ઠિત સુગમ સંગીત ગાયક અને કલાકાર શ્રી બિરેનભાઈ પુરોહિત ભકિત સંગીત પીરસશે.

# કૈલાસદીદી અને રંજનદીદી યુ.કે. અને દુબઈના પ્રવાસે

ગાંધીનગર, તા.૧૧

મૂળ હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાના વતની અને બાલ્યવસ્થાથી જ આધ્યાત્મિકતા પ્રત્યે ખુબ જ રૂચિ હોઈ રાજયોગીની બી.કે.કૈલાશદીદી એ ૧૧ વર્ષની નની વયે જ સંસ્થાના વૈશ્વિક મુખ્યાલય માઉન્ટ આબુ ખાતે બ્રહ્માકુમારી સંસ્થાના આધ્યસ્થાપક પ્રજાપિતા બ્રહ્માના સંપર્કમાં આવતાં આધ્યાત્મિક સેવા માટે જીવન ન્યોછાવર કરેલ. છેલ્લા ૫૮ વર્ષોથી બ્રહ્માકુમારીઝના દેશ અને વિદેશના વિભિન્ન શહેરોમાં તથા ૧૯૭૧થી ગુજરાતમાં અને ૧૯૮૦થી ગાંધીનગરમાં આધ્યાત્મિક ક્રાંતિની સાથો સાથ ઈશ્વરીય પ્રેમ અને પાલના વહેવડાવી રહ્યા છે. પરમપિતા પરમાત્મા શિવ તરફથી તેઓને વિશેષ 'ટ્રાન્સ મેસેન્જર'નું વરદાન પ્રાપ્ત છે સાથો સાથ તેમને ટ્રાન્સમાં સ્વયં પરમાત્મા દ્વારા એજયુકેશન પ્રાપ્ત કરવાનો સુવર્ણ અવસર પણ છે. તો તેમના જીવનના આ ૫૮ વર્ષના આધ્યાત્મિક અનુભવો અને ભારતીય સંસ્કૃતિની મહેંકની સરવાણી વિદેશની ધરતી પણ પણ વહેડાવી સર્વ ધર્મ અને સર્વ આત્માઓના પરમપિતા શિવ પરમાત્માનો સત્ય પરિચય જન જન સુધી પહોંચાડવા બ્રહ્માકુમારીઝના ગાંધીનગર જિલ્લા ઈન્ચાર્જ કૈલાશદીદી તથા તેમની સાથે ઉર્જાનગર સેવા કેન્દ્ર સંચાલિકા બી.કે. રંજનબેન ૧૪, સપ્ટેમ્બરથી ૧ માસ માટે યુ.કે. અને દુબઈના પ્રવાસે જઈ રહ્યા છે.

# જે.એમ. ચૌધરી શાળામાં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૧૧

સેકટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે તાજેતરમાં સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં ૭૦થી વધુ વિદ્યાર્થીએ શિક્ષક-શિક્ષિકા તરીકે ભાગ લીધો હતો. તેમજ દિવસ દરમિયાન જુદા જુદા વર્ગોમાં શિક્ષણ કાર્ય કર્યું હતું. આ દિવસે શાળાના આચાર્ય તરીકે વિદ્યાર્થીની મેઘા પારેખ અને રાજવીરસિંહ જાડેજાએ ફરજ બજાવી હતી. શાળાના આચાર્ય મીનાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિન ઉજવાયો હતો તેમજ વિદ્યાર્થીઓની દિવસ દરમિયાનની કામગીરી જોઈ શિક્ષક ઈજુબેન ચૌધરી તેમજ ચંદ્રિકાબેન ચૌધરીએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓની પરીક્ષા અને ભણતરના અનુસંધાનમાં તા. ૧૧-૯-૨૦૧૫ શુક્રવારના રોજ 'સ્ટ્રેસ ફ્રી સ્ટડી' વિષયોગત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ કોલેજના ડાયરેકટર ડૉ. એસ.એમ.શાહ અને વકતા જે.સી. પટેલે પોતાનું વકતવ્ય આપ્યું હતું. આ સમગ્ર સેમિનારમાં ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સેમિનારમાં જે.સી. પટેલના માર્ગદર્શનમાં વિદ્યાર્થીને ભણતરને સમજવાનાં પાંચ સરળ પગલા અને પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાની અલગ અલગ રીત ઉમળકાભેર શીખવા મળી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો. જૈમિની કુલકર્ણીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# એમ.બી. પટેલ શાળાની વિદ્યાર્થિનીઓએ સાયન્સ ડ્રામા સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝિયમ તથા નિસર્ગ કો.સા. સેન્ટરના સંયુકત ઉપક્રમે સાયન્સ ડ્રામા ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવેલ. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળા દ્વારા 'રોજીંદા જીવનમાં વિજ્ઞાન' વિષય અંતર્ગત 'બટાકાનો ચટાકો' ડ્રામાનું નિદર્શન શાળાના મદદનીશ શિક્ષિકા પટેલ પ્રવિણાબેન એ.ના માર્ગદર્શન નીચે શાળાની વિદ્યાર્થીનીઓ દવે નાલંદા, વ્યાસ ઈશિતા, બલોલીયા સલીકા એમ., વ્યાસ જીની, પટેલ આશ્લેષા, પટેલ સ્વીટી, સોલંકી ખુશ્બુ, પંચાલ દિયાએ રજુ કર્યું હતું.

# શહેરના સર્કલો યોગ્ય જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર શહેરના સર્કલોમાં બિન ઉપયોગી વનસ્પતિ ઉગી નીકળી છે. નગરના સર્કલો સંસ્થાઓને આપવામાં આવ્યા છે. સંસ્થા દ્વારા યોગ્ય જાળવણીના અભાવે ગંદા ગોબરા જેવા સર્કલો લાગી રહ્યા છે. તંત્ર પણ સંસ્થાઓને સોંપેલા સર્કલ પર નજર ન નાંખતા સર્કલો બિસ્માર બનવા પામ્યા છે. સંસ્થાએ પણ પોતાના નામ પુરતા સર્કલો લીધા હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરના માર્ગોની આગવી ઓળખ છે. નગરના માર્ગો પર આકર્ષક સર્કલો તંત્ર દ્વારા બનાવવામાં આવ્યા હતા. સર્કલો પર ફુવારા સહિત સુંદર ગાર્ડન બનાવવામાં આવ્યા હતા. જયાં શહેરીજનો સાંજ ઢળતાની સાથે ત્યા બેસવા જતા હતા. આકર્ષક અને મનોરમ્ય લાગતા સર્કલો પર ભગવાન તેમજ મહાનુભાવોની પ્રતિમા મુકવામાં આવી છે. નગરની ઓળખ સર્કલને કારણે આગવી બની છે. પહેલા તંત્ર દ્વારા જાળવણી કરવામાં આવતી હતી. પરંતુ તંત્રએ નગરના વિવિધ સર્કલો શહેરની વિવિધ સ્વૈચ્છીક સંસ્થાઓને જાળવણી માટે સોંપી દીધા છે. સંસ્થા ઓ દ્વારા યોગ્ય જાળવણીના અભાવે નગરના કેટલાંક સર્કલોમાં વનસ્પતિ ઉગી નિકળીને બિસ્માર બન્યા છે. તો બીજી તરફ કટલીક સંસ્થાઓ દ્વારા નિયમિત જાળવણી કરવામાં આવતા સર્કલો સુંદર લાગે છે. નગરજનોને પણ આવા અત્યંત તુટી ગયેલા બિસ્માર લાગતાં સર્કલો જોઈ મન દુભાય છે. કારણકે સર્કલો પર રચાતા માનવ મહેરામણના તેઓ સાક્ષી હોય છે. જયારે સર્કલો પર મુકવામાં આવેલી મહાનુભાવોની પ્રતિમાઓ પર ધુળ ચડી ગઈ હોય છે. સર્કલોની સાથે સાથે પ્રતિમાઓની જાળવણી પણ આવશ્યક છે. મહાનુભાવના જન્મદિન તેમજ પુણ્યતિથિના દિવસે માત્ર સાફ સાફ કરવામાં આવે છે. તે યોગ્ય નથી. બિસ્માર લાગતા સર્કલોની જાળવણી કરતી સ્વૈચ્છીક સંસ્થાઓ પુરતી કાળજી દાખવી યોગ્ય સાફ સફાઈ રાખવી જોઈએ. તંત્રએ પણ સોપવામાં આવેલા સર્કલોની યોગ્ય જાળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે કે નહિ તે પણ જોવું રહ્યું. બિસ્માર લાગતા સર્કલો ફરી સુંદર અને નયનરમ્ય બને તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)





શંકરસિંહ વાઘેલા બાપુ પરિસર, બાલવા ઉનવા ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના સહયોગથી થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જિલ્લા રેડક્રોસના ચેમરેન મેહુલ શાસ્ત્રી અને વાઈસ ચેરમેન તથા હિતેષ રાવલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના ડિરેકટર એમ.એન. પટેલ તથા સ્ટાફનો સક્રિય સહયોગ આ આયોજનમાં સાંપડયો હતો.

## ચિરવિદાય

● સ્વ. પુષ્પાબેન અમૃતલાલ યાજ્ઞિક, ઉ.વ.૮૪